મહત્તમ : ૨૭.૬ ડીગ્રી
લઘુતમ : ૯.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૩ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ઉંધીયાની માંગના પગલે શાકભાજીના ભાવ ઉંચકાયા

૧૦ થી ૨૦ રૂપિયાના કિલોના ભાવે વેચાતા શાકભાજીના ભાવ ૪૦ થી ૬૦ રૂપિયા થયા

ગાંધીનગર, તા.૧૧

ઉતરાયણ પર્વને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે ઉતરાયણ પર્વમાં ઉંધીયાનું વિશેષ મહત્વ હોય છે. ત્યારે શહેરના શાકમાર્કેટમાં રૂ.૧૦ થી ૨૦ ના કિલોના ભાવે વેચાતા શાકભાજીના ભાવ ઉંધીયાને પગલે રૂ. ૪૦ થી ૬૦ થઈ ગયો છે. ઉંધીયામાં મોટાભાગના શાકભાજીનો વપરાશ થતો હોવાથી વેપારીઓએ ભાવ વધારી દીધા છે. ત્યારે ઉંધીયામાં વપરાતી સુરતી પાપડીનો ભાવ કિ.-૬૦, રવૈયા-૮૦ કિલો છે. ત્યારે ઉંધીયાનો વેપાર કરતા વેપારીઓ તેમજ નાગરીકોએ પણ અત્યારથી ઉંધીયાને લગતી શાકભાજીની ખરીદી શરુ કરી દીધી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૭, સેકટર-૨૧ અને સે-૨૪ શાકમાર્કેટમાં ઉંધીયાને લગતી વિવિધ શાકભાજીની બોલબાલા છે. ત્યારે શાકભાજી ખરીદી માટે વેપારીઓ તેમજ ગૃહિણીઓની ભારે ભીડ લાગી હોય છે. ઉતરાયણ પર્વમાં કરોડો રૂપીયાનું ઉંધીયુ અને જલેબી નગરજનો આરોગી જાય છે. ત્યારે ઉંધીયાને લગતી શાકની ખરીદી વેપારીઓએ શરુ કરી છે. ત્યારે અત્યાર સુધી શાકભાજીના ભાવ સાવ સામાન્ય હતા. ટામેટા, રીંગણ, મરચા, રવૈયા, સુરતી પાપડી, વટાણા, બટાકા, શક્કરીયા સહિત દરેક શાકભાજી કિલોના રૂ. ૧૦ થી ૨૦ તેમજ અન્ય શાકભાજીના ભાવ કિલોના રૂ.૩૦ થી ૪૦ હતો. ત્યારે ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. વેપારીઓ ઉંધીયાના વેચાણ માટે તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. ત્યારે ઉંધીયાને પગલે શાકમાર્કેટમાં ઉંધીયાને લગતા વિવિધ શાકભાજીના ભાવમાં પણ ભડકો જોવા મળે છે. સુરણ, રતાળુ, તુવેર, રવૈયા, સુરતી પાપડી, કોબી, ફુલાવર, ગાજર, શકકરીયા, ટામેટા, મરચા, મેથી અને ધાણા સહિતના ભાવ રાતો રાત ઉંચકાયા છે. ત્યારે ઉંધીયાને લગતી શાકભાજી સિવાય અન્ય શાકના ભાવમાં પણ હાલની સ્થિતિએ વધુ જોવા મળી રહ્યા છે. ત્યારે અગામી શનિ-રવિની રજામાં શાકભાજીના ભાવ આસમાનને પણ આંબી શકે છે. ત્યારે હાલના સમયે શાકભાજીની ખરીદીમાં ગૃહિણીઓ અને વેપારીઓએ શાકની ખરીદી માટે દોડ લગાવી છે.

આજે માયનોરીટી કોઓર્ડીનેશન કમિટીની બેઠક યોજાશે

માયનોરીટી કો ઓર્ડીનેશન કમિટી ગુજરાતમાં લઘુમતીઓના ૮ મુદ્દાઓ જેમાં રાજયમાં લઘુમતિ કલ્યાણ મંત્રાલય, બજેટમાં નક્કર ફાળવણી, રાજય લઘુમતિ આયોગની રચના જેવી માંગણી છે. છેલ્લા ૨ વર્ષથી અમે સરકાર સમક્ષ રજુઆત કરી છે. આ માંગણીઓ પુરી થાય તે માટે ઉગ્ર આંદોલનની સત્તાવાર જાહેરાત માટે આવતીકાલે તા. ૧૨ જાન્યુઆરીને શનિવારના રોજ બપોરે ૨ કલાકે સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે એમસીસીની બેઠક યોજાશે.

અવસાન નોંધ

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામમાં વસવાટ કરતા દરજી મહેન્દ્રભાઈ કાન્તિલાલ, દરજી નટુભાઈ, દરજી હસમુખભાઈ, દરજી પ્રકાશભાઈના માતૃશ્રી આનંદીબેન કાંન્તિલાલ દરજીનું લાંબી માંદગી બાદ તા. ૯ જાન્યુઆરીના રોજ દુખદ અવસાન થવા પામ્યું છે. સદ્‌ગતનું બેસણું તેમજ સુંવાળા આગામી તા.૧૩ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક સુધી પેથાપુર શ્રી અંચલેશ્વર મહાદેવ મોટીબજાર ખાતે રાખવામાં આવેલ છે.

ચક્ષુદાન

નવા કોબા ખાતે આવેલી કલ્પવૃક્ષ સોસાયટી મકાન નં. એ-૯ માં વસવાટ કરતા ઈશ્વરલાલ જગજીવનભાઈ મહેતાનું (ઉ.વ.૮૪) અવસાન થતાં સદ્‌ગતના કુટુંબીજન ધર્મેન્દ્રભાઈ આઈ. મહેતાની સંમતિથી સ્વર્ગસ્થની ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. વેલુ તેમજ ડો. પ્રિયંકા અને સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ)ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દિલિપ દંતાણીએ કર્યું હતું.

સે-૨૮ બગીચા પાછળથી એલસીબીએ એક બાઈકચોરને દબોચી લીધો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીના આધારે સેકટર-૨૮ બગીચાની પાછળથી એક શકમંદને ચોરીના બાઈક સાથે દબોચી લીધો હતો. તેની પૂછપરછમાં બહાર આવ્યું હતું કે તેણે આ બાઈક ઉપરાંત બીજું પણ એક બાઈક બાપુનગર પાસેથી ચોરી કર્યું હતું.

એલસીબીની ટીમે ચોરીના બંને બાઈક રિકવર કરીને આરોપીની ધરપકડ કરી તેની વધુ પુછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી કે પ્રેસ સર્કલ પાસે સેકટર-૨૮ના બગીચાના પાછળ પાર્કિંગમાં એક શખ્સ બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં ઉભો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે મુળ મહેસાણાના વિજાપુરના તરૂણસિંહ ઉર્ફે રાજ રાજેન્દ્રસિંહ બારડને ઝડપી લીધો હતો. તેની સઘન પુછપરછમાં બહાર આવ્યુ છે કે તેણે આ બાઈક ઉપરાંત અન્ય એક બાઈક મળીને બે બાઈક બાપુનગર બ્રીજ નીચેથી એક મહિના પહેલાં ચોર્યા હતા. બે બાઈક ચોરીની કબુલાતને પગલે એલસીબીએ તેની પાસેનું બાઈક અને તેના મિત્ર પાસે રહેલું બાઈક મળી બે બાઈક રિકવર કરી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરખેજથી ચિલોડા માર્ગને છ માર્ગીય બનાવવા જીવંત વૃક્ષોનો સફાયો

ગાંધીનગર, તા.૧૧

સરખેજથી ચિલોડાના હાઈવેને સીકસ લેન બનાવવાના ભાગરૂપે સર્વપ્રથમ અડચણરૂપ વૃક્ષોને દૂર કરવાની પ્રવૃતિ હાથ ધરાઈ છે. જેમાં ચિલોડાથી ગાંધીનગર સાબરમતી નદી સુધીનું વૃક્ષ છેદન હાલ થઈ રહ્યું છે. વૃક્ષ છેદન પ્રવૃત્તિથી પર્યાવરણ પ્રેમીઓમાં રોષની લાગણી ઊભી થઈ છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી વૃક્ષોને અન્યત્ર ખસેડી શકાય તેમ હોવા છતાં ઘટાટોપ વૃક્ષોને કાપી નાખવામાં આવતા આ પ્રવૃત્તિ ચર્ચાના ચગડોળે ચડી છે. જો કે રાજયની જનતાને ઉત્તમ સુવિધા મળી રહે તે હેતુથી કરવા પડતા કામ અમુક સમયે સુવિધા સાથે ભવિષ્યની ઉપાધિઓ ઊભી કરતા હોવા છતા તંત્ર મજબૂર બનીને અત્યારનું વિચારી આ કામ ને પૂર્ણ કરે છે જે આ થઈ રહેલા કામથી દેખાઈ રહ્યું છે.

ચિલોડાથી સરખેજ સુધી છ માર્ગીય માર્ગને બનાવવાનું કાર્ય ધરાયું છે ત્યારે આ માર્ગની વચ્ચે અડચણરૂપ વૃક્ષોને દૂર કરવાની પ્રવૃત્તિ ચિલોડા થી આરંભાઈ ચૂકી છે. વૃક્ષ છેદન પ્રવૃત્તિમાં અત્યાર સુધી લગભગ બારસો જેટલા વૃક્ષોને કાપી નાખવામાં આવ્યા છે જેમાં મોટાભાગે ઘટાટોપ જીવંત વૃક્ષોનો પણ સફાયો થઈ ગયો છે. દુનિયાભરમાં ગ્લોબલ વોર્મિંગનો કેર વર્તાઈ રહ્યો છે જેમાં વધુ પડતી ગરમી ઠંડી અને વરસાદ આ મુખ્ય રહ્યા છે. જેના કારણે જનજીવન ઉપર ભયંકર વિપદા આવી છે. જેના મુખ્ય કારણોમાં જંગલ વિસ્તારોનું નષ્ઠ થવું એવું મનાઈ રહ્યું છે. છતાં પણ આ પ્રવૃત્તિ જોરશોરથી ચાલી રહી છે. ચીલોડા પાસે થઈ રહેલા દિવસ દરમિયાનના વૃક્ષ છેદનના કારણે ટ્રાફીક સમસ્યા પણ ઉભી થઈ છે તો બીજી તરફ વૃક્ષના કપાયેલા લાકડા પણ લોકો લઈ જતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પર્યાવરણ પ્રેમીઓ આ પ્રવૃત્તિથી નારાજ છે છતાં વિકાસશીલ કાર્યમાં અડચણરૂપ ન બની ને વૃક્ષોને મૂળથી ઊખડી અન્યત્ર ખસેડાય તેવી વ્યવસ્થા તંત્ર હાથ ધરે તેવી માગ કરી રહ્યા છે. હરિયાળા ગાંધીનગરની ઓળખ સમા આ વૃક્ષો પરિવાર જેવા બન્યા છે ત્યારે આ વૃક્ષોનું સરેઆમ નિકંદન લોકોને આઘાત પહોંચાડી રહ્યું છે. ઉનાળા અને ચોમાસામાં વાહનચાલકો માટે આશીર્વાદરૂપ આ વૃક્ષોનું અસ્તિત્વ ન રહેતા ભવિષ્યમાં ભારે સમસ્યાઓ સર્જાવાની શક્યતાઓ સેવાઈ રહી છે. તંત્ર દ્વારા આવા વૃક્ષોને અન્યત્ર રી ટ્રાન્સપ્લાન્ટ કરવાની વ્યવસ્થા હાથ ધરાય તે ઈચ્છનીય બન્યું છે. પ્રજાજનોની સુખાકારી માટે થઈ રહેલી તંત્ર ની આ પ્રવૃતિ ફરજનો ભાગ હોઈ તમામ લોકોએ સહકાર પૂરો પાડવો જરૂરી છે. વિકરાળ ટ્રાફિક સમસ્યાને હલ કરવા માટે સરકાર દ્વારા થઈ રહેલા આ પ્રયાસમાં અનેક અડચણો ઉભી થવાની છે છતાં આ આ કામગીરી પૂર્ણ કરવી જરૂરી છે. હજુ તો આ કામની શરૂઆત થઇ છે ત્યારે વૈષ્ણોદેવી સર્કલ સુધી અનેક વૃક્ષોને દૂર કરવાના હોઈ તંત્રે પર્યાવરણને ધ્યાનમાં રાખી જીવંત વૃક્ષોને અન્યત્ર ખસેડી ફરીથી જીવંત રાખવાનો પ્રયાસ કરવો જોઈએ તેવી માંગ લોકોમાં ઊભી થઈ છે.

ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચા દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે તંત્ર સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર ગુજરાત રાજયની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારી-અધિકારીઓના વર્ષોથી પ્રશ્નો પડતર છે. કર્મચારીઓના વિવિધ સંગઠનો દ્વારા સમયાંતરે રજુઆતો કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. જેને પગલે લાખો કર્મચારીઓમાં રોષની લાગણી વ્યાપી જવા પામી છે. ત્યારે તાજેતરમાં ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચા દ્વારા રાજય સરકારને લેખિત રજુઆત કરી પડતર પ્રશ્નોનો ઉકેલ ઝડપી આવે તેની રાહ કર્મચારીઓ જોઈ રહ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ. સ્કૂલમાં 'વેજીટેબલ ડે' ઉજવાયો હતો. તેમાં બાળકો શાકભાજીના ચાર્ટ બનાવીને લાવ્યા હતા તથા અવનવા શાકભાજી જેવા કે ભીંડા, ટામેટાં, કોબીજ, રીંગણ, બનીને આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને શાકભાજી ખાવાથી થતાં ફાયદાઓ બતાવ્યા હતા? બાળકોએ અને શિક્ષિકાઓએ આ ડે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ઉજવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયના વિવિધ વિભાગમાં ફરજ બજાવતા લાખો કર્મચારીઓની માંગણીઓમાં નિવૃતિની વય ૫૮ વર્ષની છે તેમા વધારો કરી વયમર્યાદા નિવૃતીની ૬૦ વર્ષ કરવા, ૧૦-૨૦-૩૦ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના લાગુ કરવી, વાહન ભથ્થુ, ઘરભાડું, તબીબી ભથ્થુ, જે હાલમાં રૂ.૩૦૦ છે તેમાં વધારો કરીને રૂ.૧૦૦૦ પ્રતિમાસ કરવું, તેમજ જુલાઈ-૨૦૧૭ થી ભથ્થાનો તફાવત રોકડમાં ચુકવણી કરવી, વિધાનસભા અને સચિવાલયમાં સેકશન અધિકારી માંથી ઉપસચિવ માં બઢતીનો લઘુતમ અનુભવ ૫ વર્ષ કરવા, જયારે રાજયની તમામ સંવર્ગની ખાલી જગ્યાઓ ઉપર બઢતી આપવી, ૧૯૯૭ માં પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવામાં આવી છે, તેમની સેવાઓને નિયમિત ગણવી. રાજય સેવાના કર્મચારીઓને મળતા લાભ પંચાયત સેવાના કર્મચારીઓને સરખા સમાન ધોરણે આપોઆપ મળવા અંગેના ઠરાવનો અમલ કરવો, જુલાઈ ૨૦૧૮ થી ચડત ૨ ટકા મોંઘવારી ભથ્થુ રોકડમાં ચુકવવું તે સહિતનો સમાવેશ થાય છે. ત્યારે કર્મચારી-અધિકારીના પ્રશ્નોનો ઉકેલ સત્વરે થાય તે માટે ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચો દ્વારા લેખિત રજુઆત કરાઈ છે.

ગાંધીનગર ખાતે કરૂણા અભિયાન અંતર્ગત રેલી યોજાઈ

૩૦૦ ટુ વ્હીલર ચાલકોને દોરીથી બચાવે તેવા સેફટી ગાર્ડ વિના મૂલ્યે લગાવી અપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા વનસંરક્ષકની કચેરીના સંયુક્ત ઉપક્રમે કરૂણા અભિયાન અંતર્ગત નગરજનોમાં જાગૃત્તિ લાવવાના ઉમદા આશયથી બાઈક રેલી અને પગપાળા રેલીનું આયોજન ઘ- ૪ નર્સરી ખાતેથી કરવામાં આવ્યું હતું. આ રેલીને જિલ્લાના નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા અને જિલ્લા વનસંરક્ષક અધિકારી શ્રી એસ.એમ.પાંડોરે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના ૩૦૦ ટુ- વ્હીલર ચાલકોને દોરીથી બચવા માટેનું સેફટી ગાર્ડ તેમના વાહનમાં વિના મૂલ્યે લગાવી આપવામાં આવ્યું હતું. બાઈક રેલી ઘ- ૪ નર્સરી થી ઘ-૫, ચ-૫, વિધાનસભા, ચ-૩, ઘ-૩ થઈને ઘ-૪ નર્સરી ખાતે પરત આવી હતી તેમજ વિવિધ શાળાના બાળકો દ્વારા ઘ-૪ નર્સરીથી કલેકટર કચેરી, ઘ-૩ સર્કલ થી ઘ-૪ નર્સરી સુધીની રેલી યોજવામાં આવા હતી. તે સમગ્ર માર્ગ પર જન જાગૃત્તિના નારા અને બેનર્સ સાથે ફરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા વનસંરક્ષક કચેરીના એ.એસ.એફ શ્રી એન.વી.ચૌધરી, શ્રી ભરતભાઈ દેસાઈ સહિત જિલ્લા વન સંરક્ષકશ્રીની કચેરીના કર્મયોગીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

કડી કેમ્પસ ખાતે યોજાયો દાસકાકા યુવક મહોત્સવ

શાળામાં અભ્યાસ કરતા ૬૦૦થી વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે આજરોજ પૂજય દાસકાકા યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવક મહોત્સવમાં શાળામાં અભ્યાસ કરતા ૬૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહભેર વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. રંગોળી, આરતી સુશોભન, મહેંદી, ચિત્ર સ્પર્ધા વગેરે જેવી સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા જયારે આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓ મેનેજમેન્ટના પાઠ ભણે તે માટે ખાણી પીણીના સ્ટોલ વિદ્યાર્થીઓ દ્વારા ઉભા કરવામાં આવ્યા હતા. જયારે શનિવારના રોજ કેમ્પસ ખાતે પૂ.છગનભા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) શેઠ સી.એમ. હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા પૂ. દાસકાકા યુવક મહોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના ૧૮૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ હો શુભારંભ ગીત સાથે મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને છોગાળા અને પીંગા જેવા ગીતો ઉપર શાળા વિદ્યાર્થીઓ દ્વારા પરફોર્મન્સ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. સોમભાઈ પટેલ-કડી કેમ્પસ ડાયરેકટર, અતિથિ વિશેષ સંજય થોરાત અને વિશેષ ઉપસ્થિતિમાં ચકા મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના એન.સી.સી. કલબ, સ્પોર્ટસ કલબ, સાયન્સ કલબ, ઈકો કલબ, લિટરેચર કલબ, કલ્ચરલ કલબ દ્વારા પરેડ કરવામાં આવી હતી. યુવક મહોત્સવને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાઓ જેવી કે રંગોળી, આરતી, કલાડી પેઈન્ટિંગ, મહેંદી, ચિત્ર, નિબંધ, વકતૃત્વ અને ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતમાં વિજેતાઓને ઈનામ પણ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના શિક્ષકગણમાં બિપીન પટેલ, મુકેશ પટેલ અને ડી.એન. પટેલનો વિશેષ સહયોગ રહ્યો હતો.

આ ઉપરાંત શાળાના પ્રિન્સિપાલ ચેતનાબેન બુચના જણાવ્યા અનુસાર આજકાલની વધતી જતી કોમ્પિટીશનના જમાનામાં વિદ્યાર્થીઓ ભણવા સિવાય મેનેજમેન્ટ અને વહીવટ પણ શીખે તે કોન્સેપ્ટને અનુલક્ષીને શાળાના જ વિદ્યાર્થીઓ દ્વારા ખાણી પીણીના સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સ્ટોલ પર ૪ થી ૫ વિદ્યાર્થીઓએ સ્ટોલ મેનેજમેન્ટ કર્યું હતું. વિવિધ વાનગીઓ જેવી કે પાણીપુરી, ભેળ, સમોસા, ખીચું, દાબેલી, વડાપાઉં જેવા અલગ અલગ સ્ટોલનું વિદ્યાર્થીઓ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. સ્ટોલની ગોઠવણીથી માંડીને ચીજવસ્તુઓ લાવવી, પૈસાનો વહીવટ આ બધી જ વસ્તુઓ વિદ્યાર્થીઓ દ્વારા મેનેજ કરવામાં આવી હતી. દરેક વાનગીઓની કિંમત ૧૦ થી ૧૫ રૂ. રાખવામાં આવી હતી સાથે સરળતા માટે ટોકન સિસ્ટમ પણ રાખવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના દરેક વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આમ ભાર વિનાના ભણતર સાથે શાળાના વિદ્યાર્થીઓને આગળ વધારવામાં શિક્ષકોનો વિશેષ ફાળો રહ્યો હતો.

કુડાસણ નિકી હોસ્પિટલ ખાતે ફ્રી મેડીકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

કુડાસણ ખાતે આવેલ નિકી હોસ્પિટલ ખાતે તા. ૧૩-૧-૨૦૧૯ના રોજ સવારે ૯ થી ૧ વચ્ચે ફ્રી મેડિકલ કેમ્પ યોજાનાર છે. જેના ભાગરૂપે ફ્રી થાયરોઈડ અને ડાયાબિટીસ ટેસ્ટ, ફ્રી બ્લડ હિમોગ્લોબિન ટેસ્ટ, ફ્રી ડેન્ટલ ચેકઅપ, સ્ત્રી/બાળરોગના નિષ્ણાત દ્વારા કન્સલટેશન જેવી સેવાઓ પુરી પાડવામાં આવશે. આ કેમ્પ છઠ્ઠા માળે શ્રી ઉગતી કોર્પોરેટ પાર્ક, કુડાસણ ખાતે યોજાશે.

ચિરવિદાય

- સ્વ. જયેશકુમાર બચુભાઈ ઠકકર, ઉ.વ. ૪૭
- સ્વ. ઠાકોર પ્રહલાદભાઈ વેચાતજી, ઉ.વ. ૪૫
- સ્વ. વ્યાસ ગુણવંતરાય પ્રાણજીવન, ઉ.વ. ૯૧
- સ્વ. જયંતિભાઈ હિરાભાઈ, ઉ.વ. ૩૭
- સ્વ. ભોજક દિમકલાલ બાપુલાલ, ઉ.વ. ૮૯